Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વેદશાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ
www.niramayayurveda.com
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ અમાસ બુધવાર ૧૨ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૮
પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ઉત્તર-મધ્ય ભારતમાં આકાશી આફત

**રાજસ્થાન** સહિત 6 રાજ્યોમાં 48 કલાકથી વરસાદ

**ભોપાલમાં** ૭ તો રાજસ્થાનમાં ૧૨ ઇંચ વરસાદ ખાબક્યો હિમાચલમાં ભૂસ્ખલનથી 259 રસ્તા પ્રભાવિત મધ્ય પ્રદેશમાં લો-પ્રેશર સક્રિય, બંગાળની ખાડીમાં પણ નવી સિસ્ટમ બનવાની શક્યતા ગુજરાતમાં પણ હવામાનની સ્થિતિ પર આ સિસ્ટમોની અસર જોવા મળી શકે

નવી દિલ્હી, તા. 11: મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હિમાચલ અને છત્તીસગઢમાં છેલ્લા 48 કલાકથી સતત વરસાદ પડી રહ્યો છે. ભોપાલમાં બે દિવસથી વરસાદ ચાલુ છે, અહીં 24 કલાકમાં 7 ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો હતો. શાળાઓમાં બે દિવસની રજા જાહેર કરાઈ છે.

દેશના મધ્ય ભાગમાં હાલમાં એક લો-પ્રેશર એરિયા અને ચોમાસાની ટ્રફ સક્રિય છે. ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ અને આસપાસના વિસ્તારમાં બનેલું લો-પ્રેશર એરિયા વરસાદ લાવી રહ્યું છે. તેની અસરથી મધ્ય પ્રદેશ, રાજસ્થાનના કેટલાક વિસ્તારો અને આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત્ છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ 11-12 ઓગસ્ટ દરમિયાન પશ્ચિમ મધ્ય પ્રદેશમાં કેટલીક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

રાજસ્થાનના 6 જિલ્લાઓમાં મંગળવારે વરસાદનું ઓરેન્જ અને 17 જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં હાડોતી વિસ્તારમાં (કોટા, બારા, બુંદી અને ઝાલાવાડ) 12 ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.

બીજી બાજુ હિમાચલ પ્રદેશના કુલ્લુમાં NH-305 પર ચાલતી ગાડી પર કાટમાળ અને ખડકો પડ્યા હતા. આ અકસ્માતમાં ગાડીમાં સવાર બે લોકો ઘાયલ થયા છે, જ્યારે ગાડી કાટમાળ નીચે દબાઈ ગઈ હતી. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગત રાતથી વરસાદ પડી રહ્યો છે. તેના કારણે રાજ્યમાં ચંદીગઢ-મનાલી ફોરલેન સહિત 259 રસ્તાઓ, 161 વીજ ટ્રાન્સફોર્મર અને 54 પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ છે.

રાજસ્થાનમાં છેલ્લા 24 કલાકમાં હાડોતી વિસ્તારમાં (કોટા, બારા, બુંદી અને ઝાલાવાડ) 12 ઈંચ સુધી વરસાદ પડ્યો છે.

દરમિયાન, ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં પણ એક હવામાની સિસ્ટમ સક્રિય છે. તેના પ્રભાવથી 12 ઓગસ્ટની આસપાસ વધુ એક લો-પ્રેશર એરિયા બનવાની શક્યતા છે. આ સિસ્ટમ આગળ વધશે તો પૂર્વ અને મધ્ય ભારતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે.

હાલમાં ચોમાસાની ટ્રફ પણ ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશમાં બનેલા લો-પ્રેશર એરિયાના કેન્દ્રમાંથી પસાર થઈ રહી છે. સરળ ભાષામાં કહીએ

...અનુસંધાન પાના 11 પર

## ભારત, પાકિસ્તાન, ચીન વચ્ચે 5,000 કિમીથી વધુ લાંબો 'મોન્સૂન હાઇવે'

**ભારે** વરસાદી સિસ્ટમનો ખતરો

**પાકિસ્તાન**, ભારતથી ચીન સુધી ફેલાયો વાદળોનો લાંબો પટ્ટો



નવી દિલ્હી, તા. ઉત્તર ભારત અને એશિયાના આંતરિક ભાગો સુધી ફેલાયેલો વાદળોનો એક વિશાળ પટ્ટો સેટેલાઇટ તસવીરોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, જે એક સક્રિય મોન્સૂન પેટર્નનો સંકેત આપે છે જે આ સમગ્ર વિસ્તારમાં વ્યાપક વરસાદ લાવી શકે છે.

સેટેલાઇટ તસવીરોમાં જોવા મળતી આ રચના કોઈ એક જ વિશાળ વાવાઝોડાનું વાદળ નથી, પરંતુ તે મોન્સૂન સર્ક્યુલેશન સાથે જોડાયેલો ઊંડા હલચલ અને વાદળોનો એક લાંબો પટ્ટો છે, જેમાં ગાજવીજ સાથે અને વરસાદ લાવતા અનેક વાદળોના સમૂહો સમાયેલા છે.

આ સંરચના પાકિસ્તાનથી થઈને ઉત્તર ભારત અને ત્યાંથી ચીન તરફ વિસ્તરેલી છે. સેટેલાઇટ પરથી જોતાં તેના લાંબા અને સતત દેખાવને કારણે તેને 'મોન્સૂન રેઇન હાઇવે' તરીકે વર્ણવવામાં આવ્યો છે.

સેટેલાઇટ દ્વારા જોવાયેલો આ 'રેઇન હાઇવે' એશિયા ખંડમાં વાદળો અને વીજળીના તોફાનો કેવી રીતે એક લાઇનમાં ગોઠવાઇ શકે છે તથા પાકિસ્તાનથી ભારત થઈને ચીન સુધી હવામાનની પ્રવૃત્તિઓને જોડી શકે છે તેનું એક અદ્ભુત દૃશ્ય છે.



## શરદ પવારની દોહિત્રીના રિસેપ્શનમાં રાજકીય દિગ્ગજોનો મહાકુંભ

**સુપ્રિયા** સુળેની પુત્રીના રિસેપ્શનમાં મોદી, સોનિયા, ભાગવત સહિત અનેક નેતાઓનો જમાવડો મોદીએ પ્રિયંકાના હાલચાલ પૂછ્યા

**રેવતીના** લગ્ન જૂન મહિનામાં મુંબઇમાં થયા હતા, દિલ્હીમાં સત્કાર સમારંભ હાલમાં રખાયો

નવી દિલ્હી, તા. ૧૧: રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સોમવાર સાંજે પવાર પરિવારના ૬, જનપથ સ્થિત નિવાસસ્થાને એનસીપી (શરદ પવાર) ના સાંસદ સુપ્રિયા સુળેના પુત્રી રેવતી સુળેના લગ્નના રિસેપ્શનમાં ભારતીય રાજકીય જગતના દિગ્ગજ નેતાઓ એકઠા થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર

...અનુસંધાન પાના 11 પર

### અમિત શાહ અને રાહુલ એક હરોળમાં દેખાયા

અમિત શાહ, પીઠ પાછળ હાથ રાખીને સહજ મુદ્રામાં ઊભા રહીને પોતાની વારાની રાહ જોઈ રહ્યા હતા. તેમનાથી થોડા દૂર રાહુલ ગાંધી ઊભા હતા. જો કે, આ સંસદ નહોતી, પરંતુ સાંસદ સુપ્રિયા સુળેની પુત્રીના લગ્નનું રિસેપ્શન હતું જેમાં આ દુર્લભ કહી શકાય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. સોમવારે રાત્રે યોજાયેલા આ કાર્યક્રમે વિરોધી રાજકીય પક્ષોના નેતાઓને એક મંચ પર લાવી દીધા હતા. શરદ પવારના પુત્રી સુપ્રિયા સુળે ગૃહમંત્રીને સ્ટેજ તરફ આગળ વધવાનો ઈશારો કરતા જાઇએ આપ એમ કહેતા સંભળાયા હતા.

## દિલ્હી ડાયરી



### રેવતી સુલેના લગ્નનું રિસેપ્શન: દિલ્હીમાં રાજકીય દિગ્ગજોનું મહાસંમેલન

નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના નેતા સુપ્રિયા સુલેની પુત્રી કુમારી રેવતી સુલેનું લગ્ન રિસેપ્શન સોમવારે સાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાયું હતું, જેમાં વિવિધ વિચારધારાઓ ધરાવતા રાજકીય નેતાઓનું મહાસંમેલન જોવા મળ્યું હતું. આ કાર્યક્રમ સંસદના ઠપ્પ થયેલા ચોમાસુ સત્ર વચ્ચે અને રાજકારણ દિવસે ને દિવસે વધુ કટુ બની રહ્યું છે તેવા સમયે યોજાયો હતો.

શરદ પવારની પૌત્રીના લગ્નના રિસેપ્શનમાં આ રાજકીય નેતાઓની આગેવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી. તેમની સાથે ગૃહમંત્રી અમિત શાહ પણ જોડાયા હતા, જેઓ દિલ્હીના જંતર-મંતર ખાતે જેન ઝી વિરોધ પ્રદર્શનકારીઓ સામે પોલીસની સખત કાર્યવાહી માટે વિપક્ષ દ્વારા સ્પષ્ટતા માંગવામાં આવતા હાલમાં વિવાદના વંટોળમાં ઘેરાયેલા છે.

વિપક્ષ તરફથી આ ક્રમમાં

...અનુસંધાન પાના 11 પર

## અમેરિકી કોર્ટે ગૌતમ અદાણી સામેનો કેસ કાયમી ધોરણે પડતો મૂક્યો

**આરોપો** પડતા મૂકવાની અમેરિકાના ન્યાય વિભાગની દરખાસ્ત ન્યૂયોર્કની ફેડરલ કોર્ટ મંજૂર રાખી

**અમેરિકી** સરકારની ભલામણને પગલે આ કેસ ફરી ખોલી નહીં શકાય તે રીતે બંધ કરી દેવાયો

ન્યૂયોર્ક/નવી દિલ્હી, તા. 11(PTI): અમેરિકાની એક ફેડરલ કોર્ટે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર સામેના ગુનાહિત આરોપોને કાયમી ધોરણે ફગાવી દીધા છે. આ નિર્ણયથી બંદરોથી લઈને ઉર્જા ક્ષેત્રે કાર્યરત આ વિશાળ બિઝનેસ સામ્રાજ્ય પર છેલ્લા લગભગ બે વર્ષથી મંડરાઈ રહેલી મોટી કાનૂની મુશ્કેલી દૂર થઈ ગઈ છે.

ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના અમેરિકી ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગરૌફિસે ન્યાય વિભાગની આ આરોપો ફગાવી દેવાની વિનંતીને મંજૂરી આપી દીધી છે. ગૌતમ અદાણીએ અમેરિકાના નિર્ણયને આવકાર્યો છે અને જણાવ્યું છે કે તેઓ નમ્રતા અને ન્યાયિક પ્રક્રિયા પ્રત્યે ઊંડા આદર સાથે આ નિર્ણયનો સ્વીકાર કરે છે. 10 ઓગસ્ટના રોજ જારી કરાયેલા 47 પાનાના આદેશમાં, જજ ગરૌફિસે ગૌતમ અદાણી, સાગર અદાણી અને અદાણી ગ્રીન એનર્જીના ભૂતપૂર્વ સીઈઓ વિનીત જૈન સામેના આરોપનામાની કલમ બે, ત્રણ અને ચારને ફગાવી દેવાની ન્યાય વિભાગની 'રૂલ 48(a)' હેઠળની દરખાસ્તને મંજૂર કરી હતી.

આ કલમોમાં શેરબજાર સંબંધિત છેતરપિંડી, વાયર-ફ્રોડ કાવતરું અને સિક્યોરિટીઝ ફ્રોડ જેવા આરોપો સામેલ હતા. આ આરોપોને વિથ

...અનુસંધાન પાના 11 પર

### બાકીના સહ-આરોપીઓ અંગેનો નિર્ણય સ્થગિત

જજ ગરૌફિસે કલમ એક (ફોરેન કરપ્ટ પ્રેક્ટિસીસ એક્ટના ઉલ્લંઘનનો આરોપ) અને કલમ પાંચ (ન્યાયમાં અવરોધ ઊભો કરવાના કાવતરાનો આરોપ) અંગે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. આ આરોપો કોર્ટમાં હાજર ન થયેલા અને ભારતમાં રહેતા પાંચ સહ-આરોપીઓ સાથે સંબંધિત છે, જેમાં રણજીત ગુપ્તા, સિરિલ કેબેન્સ, સૌરભ અગ્રવાલ, દીપક મલ્હોત્રા અને રુપેશ અગ્રવાલનો સમાવેશ થાય છે.

### જજની મહત્વની ટિપ્પણી

જજે સ્પષ્ટ કર્યું હતું કે આ કેસને ફગાવી દેવો એ સરકારી વકીલના સ્વેચ્છાધિકારનો ઉપયોગ છે, આરોપો અંગેનો કોઈ ચુકાદો નથી. જજ ગરૌફિસે લખ્યું કે, કોઈએ આ ચુકાદાને ભૂલથી પણ સરકારના નિર્ણય સાથે કોર્ટની સહમતિ અથવા કેસની ગુણવત્તા પરના અભિપ્રાય તરીકે ન જોવો જોઈએ. કોર્ટમાં કોઈ ટ્રાયલ થઈ નથી, સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી કે પુરાવાઓની ચકાસણી કરવામાં આવી નથી.

## અમિત શાહ સંસદમાં જવાબ આપે તે માટે સરકારે શરત મૂકી

**પંજાબ** અને ઝારખંડમાં થયેલા આંદોલનોનો પણ ચર્ચામાં સમાવેશ કરવાનો આગ્રહ

**FCRAને** જેપીસી સમક્ષ મોકલવા સરકાર તૈયાર, જો કે આ બાબતે વિપક્ષમાં મતભેદ

નવી દિલ્હી, તા. ૧૧: ચોમાસુ સત્ર પૂરું થવામાં હવે માત્ર બે જ દિવસ બાકી રહ્યા છે, જે લગભગ ધોવાઈ ગયું છે ત્યારે સરકાર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, રામ મંદિર દાન કેસ અને ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ(FCRA) પર ચર્ચા અંગે વિપક્ષ સાથેની મડાગાંઠ ખતમ કરવા આતુર છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિદ્યાર્થીઓના આંદોલન પર જે જવાબ આપશે તેના માટે સરકારે શરતો મૂકી છે. સરકારે કહ્યું છે કે આ જવાબમાં વિપક્ષ શાસિત પંજાબ અને ઝારખંડમાં થયેલા આંદોલનોનો પણ સમાવેશ કરવામાં આવશે.

વધુમાં, સરકારે વિપક્ષને જણાવ્યું છે કે અમિત શાહ જવાબ આપે તે પહેલા આ મુદ્દે યોગ્ય ચર્ચા થવી જોઈએ. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, માત્ર નિવેદન બહાર પાડવું એ એક ઔપચારિકતા બની રહેશે; અમે યોગ્ય ચર્ચા ઈચ્છીએ છીએ, માત્ર નિવેદન નહીં. બીજી બાજુ, રાહુલે સોમવારે એક પત્રકાર પરિષદમાં કહ્યું, પ્રશ્ન ક્યારેય એ નહોતો કે અમિત શાહ સંસદમાં આવીને ભાષણ આપશે. પ્રશ્ન હંમેશા એ રહ્યો છે કે અમિત શાહે એ સ્પષ્ટ કરવું પડશે કે દિલ્હીમાં ફાયરિંગની મંજૂરી કોણે આપી હતી. રાહુલ ગાંધીએ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની માફી માંગવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ વિનંતી કરી છે અને અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ચોરી અંગે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. કોંગ્રેસ સાંસદે સંસદની મડાગાંઠ તોડવા માટે આ ત્રણ માંગણીઓને બાંધછોડ ન થઈ શકે તેવી ગણાવી છે. સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાદનું બીજું કારણ FCRA બિલ - ભારતના વિદેશી ભંડોળ અંગેના કાયદામાં સૂચિત સુધારા છે. અહીં પણ સરકારે નરમ વલણ અપનાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષને જણાવ્યું હતું કે સરકાર આ બિલને તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલવા તૈયાર છે. જો કે આ બાબતે વિપક્ષમાં મતભેદ જણાય

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૧-૦૮-૨૦૨૬નું
વડોદરા શહેરનું
હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | ૫.૦ મીમી | ૫૩૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૨૯.૪ સે. | ૨૬.૪ સે. | ૮૨% |

## એર ઈન્ડિયાની ફ્લાઇટના પાયલટે ગાંજો પીધો હતો

**થાઇલેન્ડના** ફુકેટથી દિલ્હી આવી રહેલ એર-ઇન્ડિયાની ફ્લાઇટ ૪ ઓગસ્ટના રોજ ભરઆકાશે અચાનક 300 ફૂટ નીચે આવી ગઇ હતી

**આ** ફ્લાઇટના મુખ્ય પાયલોટનો કન્ફર્મેટિવ લેબોરેટરી ટેસ્ટ મારિજુઆના પોઝિટિવ આવ્યો



નવી દિલ્હી, તા. ૧૧: એર ઇન્ડિયાની ફ્લાઇટ AI2379નો પાયલોટ-ઇન-કમાન્ડ લેબોરેટરી કન્ફર્મેટરી ટેસ્ટમાં મારિજુઆના માટે પોઝિટિવ આવ્યો હોવાનું મંગળવારે સૂત્રોએ જણાવ્યું છે. ફૂકેટ-દિલ્હીની આ ફ્લાઇટ અચાનક આશરે 300 ફૂટ નીચે આવી જવાથી ૨૪ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ ઘાયલ થયા હતા.

૪ ઓગસ્ટની આ ઘટના બાદ બંને પાયલોટોના ફરજિયાત સાયકોએક્ટિવ સબસ્ટન્સ(નશીલા

...અનુસંધાન પાના 11 પર

## ચંદ્ર પર 'મૂન બેઝ' મિશનમાં જોડાવા નાસાનું ઈસરોને આમંત્રણ

**અમેરિકાની** ચંદ્રના દક્ષિણ ધ્રુવ પાસે માનવ માટે પ્રથમ કાયમી મથક બનાવવાની યોજના

**અવકાશયાત્રીઓ** માટે રહેવા-કામ કરવા મથક બનાવાશે, ભવિષ્યના ડીપ સ્પેસ મિશન માટે પણ તૈયારી

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): ભારત અને અમેરિકા વચ્ચે અવકાશ ક્ષેત્રે સહયોગ વધુ ગાઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. અમેરિકી અવકાશ સંસ્થા નાસા (NASA)એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પાસે માનવજાતનું પ્રથમ ચંદ્ર મથક સ્થાપવાના પોતાના મહત્વાકાંક્ષી 'મૂન બેઝ' કાર્યક્રમમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરો (ISRO)ને જોડાવા આમંત્રણ આપ્યું છે.

આ કાર્યક્રમ હેઠળ માનવસહિત અને માનવરહિત મિશનોની શ્રેણી દ્વારા ચંદ્ર પર અવકાશયાત્રીઓ માટે કાયમી નિવાસસ્થાન ઊભું કરવાનો હેતુ છે. અહીં અવકાશયાત્રીઓ રહી, કામ કરી અને સંશોધન કરી શકશે. NASAના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટનો હેતુ નવી વૈજ્ઞાનિક શોધોને પ્રોત્સાહન આપવા ઉપરાંત ભવિષ્યમાં પૃથ્વીથી દૂરના અવકાશમાં માનવ મિશન માટે તૈયારી કરવાનો છે.

બેંગલુરુમાં 5 અને 6 ઓગસ્ટે યોજાયેલી ભારત-અમેરિકા સિવિલ સ્પેસ જોઈન્ટ વર્કિંગ ગ્રુપ (CSJWG) ની નવમી બેઠકમાં બંને દેશોએ અવકાશ સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી. સંયુક્ત નિવેદન મુજબ, નાસાએ ઈસરોને 'મૂન બેઝ' કાર્યક્રમમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. આ સહયોગ બંને દેશોની આર્ટમીસ એકોર્ડ્સ હેઠળની ભાગીદારીને આગળ વધારશે.

બંને પક્ષોએ અવકાશ સંબંધિત ખુલ્લા વૈજ્ઞાનિક ડેટાની આપ-લે અંગે પણ ચર્ચા આગળ વધારવા

...અનુસંધાન પાના 11 પર